# ગુજરાતી દ્વિતીય સત્ર

ગુણઃ ૮૦

**ધોરણઃ 6**

**પ્રશ્ન-1 (અ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (5)

1. 'મને લાગ્યું કે પત્રની અસર થઇ રહી છે.' - એટલે ...
   (અ) પત્ર દ્વારા કામ બગડી રહ્યું છે. (બ) પત્ર દ્વારા કામ થઇ રહ્યું છે.
   (ક) પત્ર પર અસર થઇ રહી છે.
2. 'ચાટલું બરાબર સાફ કરજો.' - એટલે ...
   (અ) માટલું બરાબર સાફ કરજો. (બ) અરીસો બરાબર સાફ કરજો.
   (ક) ચોટલો બરાબર વાળજો.
3. 'એક બાઇ એક સાંજ કરગઠિયાં વીણવા નીકળી' - વાક્યમાં 'કરગઠિયાં' એટલે .
   (અ) લાકડાના નાના-નાના ટુકડા (બ) કાંટાવાળા વળક્ષોની ગીચ ઝાડી
   (ક) ઢોર ઉછેર કરતી જાતિનો માણસ
4. તેમનાં ખોખિયાં જુદાં-જુદાં હતાં. એટલે કે ...
   (અ) માનવજાત અને પ્રાણીજાત એમ જુદાં હતાં. (બ) તે બંને જુદા-જુદા સમાજના હતા.
   (ક) તેઓ જુદા-જુદા પ્રકારનું અનાજ ખાતા હતા.
5. 'એમાં દેખીતી રીતે ક્યાંય રણનાં લક્ષણો નથી.' એટલે કે ...
   (અ) આખા પ્રદેશમાં રણ લક્ષ્યમાં રાખ્યો છે. (બ) આખો પ્રદેશ રેતીથી છવાયેલો છે.
   (ક) આ વિસ્તારમાં રેતી જોવા મળતી નથી.

**પ્રશ્ન-1 (બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (5)

1. 'વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ' પંક્તિમાં 'નંદજીનો લાડકો' એટલે કોણ?
   (અ) કૃષ્ણ (બ) નંદભાઇ
   (ક) લાડકો ભાઇ
2. 'હાલે નહિ રાવણ થકી, ત્ર્યંબક તમારું આજ.' માં 'ત્ર્યંબક' એટલે કે ...
   (અ) ત્રણ બગલાં (બ) ધનુષ્ય
   (ક) તુંબડું
3. 'મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત' આ પંક્તિમાં ગુજરાતને કેવી કહી નથી?
   (અ) કિંમતી (બ) મૂલ્યવાન
   (ક) સસ્તી
4. 'લહિયો' એટલે કોણ?

(અ) લખવાનું કામ કરનાર (બ) શાળાનું લેશન કરનાર
(ક) લોહી આપનાર

5. 'જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે; ઘસી જાતને સંતો, અન્યને સુખિયાં કરે' પંક્તિમાં કેવા વ્યક્તિની વાત કરવામાં આવી નથી?

(અ) પરોપકારી (બ) સજ્જન
(ક) દુર્જન

**પ્રશ્ન-2 (અ) પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યમાં આપો. (ગમે તે ત્રણ)** (6)

1. કોઇ નવા શિક્ષક તમારી શાળામાં આવે છે. તમે તેમને કેવા પ્રશ્ન પૂછશો?
2. તમારે નદી કિનારે ફરવા જવું છે તો શું-શું તૈયારી કરશો?
3. અક્ષર સુધારવા માટે તમે શું-શું કરશો?
4. તમે તમારી મમ્મીને ઘરકામમાં મદદ કરી હોય તેવો એક પ્રસંગ જણાવો.

**પ્રશ્ન-2 (બ) પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે બે)** (4)

1. 'ગુજરાત મોરી મોરી રે' - કાવ્યમાં આવતાં સ્થળોનાં નામ જણાવો.
2. રાવણને કઇ-કઇ બાબતોનું અભિમાન હતું?
3. 'વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં' - પંક્તિમાં તમે શું સમજો છો?

**પ્રશ્ન-3 (અ) પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં આપો.** (6)


1. રજાના દિવસે તમે તમારા મિત્ર સાથે 'ખેતરમાં ફરવા જવું', 'પુસ્તક વાંચવું', 'ફિલ્મ જોવી' - આ ત્રણમાંથી શું કરવું પસંદ કરશો? શા માટે?
2. રીસેસમાં તમારા મિત્રને રમતાં-રમતાં ઇજા થાય છે, તો તમે શું કરશો?

**પ્રશ્ન-3 (બ) વાક્યો વાંચી કૌંસમાં આપેલ યોગ્ય એકમ પસંદ કરી લખો.** (4)

(1. સાગરકાંઠાનો પ્રવાસ 2. માતૃહૃદય 3. સુગંધ કચ્છની...!
4. ગુજરાત મોરી મોરી રે 5. સારા અક્ષર)

1. ગુજરાતના સૌથી મોટા જિલ્લા વિશેની વિગતો આપેલી છે.
2. બાળક અને સિંહ સામસામે આવી ગયા.
3. વર્ષો પહેલાં કલમને દવાતમાં બોળીને લખાતું હતું.
4. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયા કિનારાની વાત આપેલી છે.

**પ્રશ્ન-4 (અ) આપેલ જાહેરાતનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો. (પાંચ)** (5)



1. પાયલની ઊંમર 32 વર્ષ છે, તો તે કયા વિભાગમાં ભાગ લઇ શકશે?

(અ) વિભાગ-એ (બ) વિભાગ-બી
(ક) વિભાગ-સી

2. ચિત્ર સ્પર્ધા જોવા માટે પ્રવેશ ફી કેટલી છે?

(અ) 25 રૂપિયા (બ) 40 રૂપિયા
(ક) કાંઇ જ નહિ

3. તમારે ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવાનો હોય તો તમે કેવું ચિત્ર દોરશો?

4. આ સ્પર્ધાના આયોજક કોણ છે?

5. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનારે શું ધ્યાનમાં રાખવાનું છે?

**પ્રશ્ન-4 (બ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

એક દિવસ મીનીના બાપ, પોથીમાંથી ડોકું કાઢી, બારી આગળ જઇને જુએ છે, તો મીની પેલા કાબુલીના ખોળામાં બેઠી બેઠી તેની દાઢી ખેંચતી હતી અને બંને વાતો કરતાં હતાં. મીની કહેઃ ‘હેં કાબુલી, તારી દાઢીના વાળ ધોળા અને મારા વાળ કાળા કેમ?’

કાબુલી કહે, ‘મૈં બુઢ્ઢા હો ગયા, ઔર તુમ બચ્ચી હો.’

**પ્રશ્નો :**

1. મીની કોની દાઢી ખેંચતી હતી?
2. મીનીને કઇ વાતનું આશ્ચર્ય થયું?
3. મીનીના પિતા શું કરી રહ્યા હતા?
4. કાબુલીની ભાષા કઇ હશે?
5. અહીં કોણ-કોણ વાત કરી રહ્યું છે?

**પ્રશ્ન-5 યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (10)

1. ‘ઉર’ એટલે શું?

(અ) અમૃત (બ) ઉંમર (ક) હૃદય

2. ‘લીસું’ શબ્દનો વિરોધી અર્થ જણાવો.

(અ) ખરબચડું (બ) સપાટ (ક) લસ્સી

3. નીચેનામાંથી ‘દિલનો ટુકડો હોવું’ નો અર્થ મળે તેવું વાક્ય શોધો.

(અ) પક્ષીને લાગતાં સૌરભનું દિલ દુઃખી થઇ જતું.

(બ) સુનિલ તેના મા-બાપને ખૂબ વહાલો.

(ક) સંજય તેના માબાપનું દિલ દુભાવતો હતો.

4. શબ્દકોશનો યોગ્ય ક્રમ શોધો.

(અ) ચિંતન, દયા, પરેશ, સેજલ

(બ) સેજલ, દયા, ચિંતન, પરેશ

(ક) ચિંત, પરેશ, દયા, સેજલ

5. સાચી જોડણી શોધો.

(અ) સૂવાસીત (બ) સુવાસિત (ક) સુવાસીત

6. 'ગુજરાત મોરી મોરી રે' - કાવ્યનો સાહિત્ય પ્રકાર લખો.

(અ) લોકગીત (બ) પ્રકૃતિગીત (ક) ઊર્મિગીત

7. નદી આગળ ભેંસોનું ટોળું દેખાતું હતું. - વાક્યમાં સમૂહવાચક સંજ્ઞા ઓળખાવો.

(અ) નદી (બ) ટોળું (ક) ભેંસ

8. બે બાળકો ઝાડ નીચે બેઠાં હતાં. - વાક્યમાંથી ક્રિયાપદ ઓળખાવો.

(અ) બાળકો (બ) ઝાડ (ક) બેઠાં હતા.

9. દિવ્યા પાસે લાલ સાડી છે. - વાક્યમાંથી વિશેષણ ઓળખાવો.

(અ) લાલ (બ) સાડી (ક) પાસે

10. નીતિ ઠંડીમાં થરથર ધ્રૂજી રહી હતી - વાક્યમાંથી ક્રિયા વિશેષણ ઓળખાવો.

(અ) ઠંડી (બ) ધ્રૂજી રહી (ક) થરથર

**પ્રશ્ન-6 (અ) આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો. (પાંચ)** (10)

1. ઇશ્વર 2. સુંદર 3. મિત્ર 4. સરોવર 5. રેતી

**પ્રશ્ન-6 (બ) તમને ગમતા કોઇ એક કાવ્ય કે લોકગીતની પાંચ પંક્તિ લખો.** (5)

**પ્રશ્ન-6 (ક) કોઇ એક વિષય પર 10 થી 12 વાક્યો લખો.** (10)

1. જો મારું ઘર ચંદ્ર ઉપર હોય તો...
2. મારો પ્રિય તહેવાર
3. સારા અક્ષરોનું મહત્ત્વ

**પ્રશ્ન-6 (ડ) મુદ્દા પરથી વાર્તા લખો.** (5)

સસલું અને કાચબો - બંને વચ્ચે દોડની હરિફાઇ - સસલાનું અભિમાન - વચ્ચે આરામ કરવો - કાચબાની ધીમી ગતિ - સસલા કરતાં પહેલાં પહોંચી જવું - કાચબાની જીત - સસલાની હાર - બોધ.

## ધોરણઃ 7

**પ્રશ્ન-1 (અ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (5)

1. 'ગાંધીજીએ તેમની આત્મકથામાં લખ્યું છે કે, "વિવાહ થયા ત્યારે હું હાઇસ્કૂલમાં ભણતો હતો." તો વિવાહ સમયે ગાંધીજીની ઉંમર કેટલી હોઇ શકે?

(અ) 5 થી 10 વર્ષ (બ) 11 થી 15 વર્ષ
(ક) 21 થી 25 વર્ષ

2. "દ્વારકા પાસે બરડિયા સ્ટેશન છે." આ વાક્યમાં કયો શબ્દ અંગ્રેજી ભાષાનો છે?

(અ) દ્વારકા (બ) બરડિયા
(ક) સ્ટેશન

3. 'સોરઠના સીમાડે આવેલી આ મોણપરી ગામે માત્રાવાળા નામે દરબાર રહે.' - આ વાક્યમાં ગુજરાત રાજ્યના કયા પ્રદેશની વાત થઇ છે?

(અ) કચ્છ (બ) મધ્ય ગુજરાત
(ક) સૌરાષ્ટ્ર

4. 'વાચાળ શું હોડ કદી ન કીજે, જાદુગરોથી બળ બાંધી બીજે.' - એટલે કે...

(અ) વાચાળ સાથે શરત લગાડવી જોઇએ.

(બ) વાચાળ સાથે શરત ન લગાડવી જોઇએ.

(ક) જાદુગર સાથે શરત લગાવવી જોઇએ.

5. 'ધનપાલ શેઠને આંગણે લક્ષ્મીની છોળો ઉછળતી હતી.' - એટલે કે ...

(અ) ધનપાલ શેઠ પૈસાદાર હતા.

(બ) ધનપાલ શેઠના આંગણામાં તેમની દીકરી લક્ષ્મી રમતી હતી.

(ક) ધનપાલ શેઠ ગરીબ હતા.

**પ્રશ્ન-1 (બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (5)

1. 'અમીની ભરેલી એની આંખડી રે લોલ, વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે.' એટલે કે ...

(અ) માતાની આંખો વહાલથી ભરેલી છે.

(બ) માતાની આંખો અમૃતથી ભરેલી છે.

(ક) માતાના વેણ અમૃતથી ભરેલાં છે.

2. 'રમત કૃષિવલોનાં બાલ નાનાં  કરે છે.' આ પંક્તિમાં કોનાં બાળકોની વાત થઇ છે?

(અ) ખેડૂતનાં (બ) કડિયાનાં
(ક) સુથારનાં

3. નીચેનામાંથી કઇ પંક્તિ 'સોના જેવી સવાર' કાવ્યમાં આવતી નથી?

(અ) ભરીભરીને સવાર પીધી, સોના જેવી જેવી સવાર છે જી.

(બ) ફૂલફૂલને પીવા દીધી, સોના જેવી સવાર છે જી.

(ક) ખાનપાનમાં ટશરે ચમકી, સોના જેવી સવાર છે જી.

4. 'આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત; જગમાં એવા જનમિયા અગરબત્તી ને સંત.' - આ પંક્તિમાં શાનો મહિમા છે?

(અ) ધૂપ (બ) જગત
(ક) સંત

5. 'દાનેશ્વરીનું કામ છે ખેરાત વહેંચવી, યાચકની જાતને કદી દાતા નહિ જુએ.' - આ પંક્તિના આધારે નીચેમાંથી કયું વાક્ય સાચું છે?

(અ) દાનીનું કામ દાન આપવાનું છે.

(બ) યાચકનું કામ જાત જોવાનું છે.

(ક) દાતાનું કામ જાત જોવાનું છે.

**પ્રશ્ન-2 (અ) પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યમાં આપો. (ચારમાંથી ત્રણ)** (6)

1. 'આવ, ભાણા આવ!' પાઠમાં તમને દાદુમામાની કઇકઇ વાતો ગમી? કઇ વાતો ન ગમી?
2. તમે જોયેલી કોઇ એક નદી વિશે ચાર વાક્યો લખો.
3. દરબાર માત્રાવાળાના દોસ્ત સિંહ વિશે વાક્યો લખો.
4. સંસ્કૃત વિષય અઘરો લાગવા બાબતે ગાંધીજી શું વિચારતા હતા?

**પ્રશ્ન-2 (બ) પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં આપો. (ત્રણમાંથી બે)** (4)

1. 'મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ, લેતા ખૂટે ન એની લ્હાણ રે.'
   - કાવ્યપંક્તિ સમજાવો.
2. રાજા ખેતરામાં પહોંચે છે ત્યારે ખેતરામાં કોણ-કોણ હોય છે?
   તેઓ શું કરી રહ્યાં હોય છે?
3. 'ફળો આવે છે, ત્યારે ડાળીઓ નીચી નમી જઇને; ખરેખર નમ્રતા શું છે, જમાનાને બતાવે છે.' આ પંક્તિમાં કહ્યા છે તેવા ગુણોવાળા કોઇ એક વ્યક્તિ વિશે ચાર વાક્યો લખો.

**પ્રશ્ન-3 (અ) પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં આપો.** (6)

1. 'ગ્રામમાતા' કાવ્યમાં આવતા રાજાની જગ્યાએ તમે હોય તો
   'દયાહીન થયો નૃપ' સાંભળી તમે શું કરો?
2. 'પાંચ દાણા' પાઠમાં ધનપાલ શેઠે પોતાના ચાર દીકરાઓની વહુઓની આવડત જાણવાની ઇચ્છાથી ચારેયને પાંચ દાણા આપી તેને સાચવવાનું કહ્યું હતું. તેઓ પોતાની વહુઓની આવડત બીજી કઇ રીતે ચકાસી શક્યા હોત?


**પ્રશ્ન-3 (બ) વાક્યો વાંચી કૌંસમાં આપેલ યોગ્ય એકમ પસંદ કરી લખો.** (4)

(1. પાંચ દાણા 2. હાઇસ્કૂલમાં 3. આવ! ભાણા આવ. 4. સિંહની દોસ્તી
5. અખબારી નોંધ )

1. તંત્રીને લખેલા વિનંતીપત્રમાં સમાચાર મોકલનાર વ્યક્તિ કે સંસ્થાનું નામ-સરનામું દર્શાવવું જરૂરી છે.
2. કોઇપણ વ્યક્તિની આવડત અને વ્યવહાર કુશળતા જાણ્યા બાદ તેની યોગ્યતા મુજબનું કાર્ય તેને સોંપવું જોઇએ.
3. ઘણો સમય રાહ જોયા બાદ જ્યારે કોઇ વસ્તુ આપણને મળી જાય ત્યારે આપણને તેટલો જ આનંદ થાય છે જેટલો તે વસ્તુ મેળવવાના વિચારમાત્રથી થયો હતો.
4. યોગ્ય સમયે જે કરવાનું હોય એ ન કરીએ તો પછી પ્રયત્ન વ્યર્થ નીવડે.

**પ્રશ્ન-4 (અ) આપેલ બીલ પરથી પ્રશ્નોના જવાબ આપો.** (5)

1. આ હોટલનું નામ શું છે?
2. જહાનવી સાંજે 7:00 વાગ્યે જમવા માટે જાય છે તો તેને જમવા મળશે?
3. જો તમે 10 છાશ મંગાવો તો તમારે કેટલા રૂપિયા ચૂકવવા પડે?


જેઠાલાલનો જલસો

લાલબાગ, ગોધરા

સમય: 11:00 થી 21:00

બીલ નં.: 123

તારીખ: 05-10-2019

ગ્રાહકનું નામ: કાનજીભાઇ પટેલ

| ક્રમ | વસ્તુનું નામ | નંગ | ભાવ | કુલ કિંમત |
|---|---|---|---|---|
| 1. | પાલક પનીર | 1 | 130 | 130 |
| 2. | પનીર ટીકા મસાલા | 2 | 180 | 180 |
| 3. | બટર રોટી | 8 | 20 | 160 |
| 4. | દાલ ફ્રાય | 1 | 160 | 160 |
| 5. | જીરા રાઇસ | 1 | 100 | 100 |
| 6. | છાશ | 4 | 20 | 80 |
| | કુલ | | | 990 |

- મુલાકાત બદલ આભાર

4. આ બીલમાં આપેલ વસ્તુઓમાં સૌથી મોંઘી વસ્તુ કઇ છે?

5. જો તમે નવી હોટલ ખરીદો તો તમે તેનું શું નામ પાડશો?

**પ્રશ્ન-4 (બ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

દ્રુપદના દરબારમાં અપમાન પામીને દ્રોણ ફરતા-ફરતા હસ્તિનાપુરમાં આવી ચડયા. હસ્તિનાપુરના એક કૂવો પાસે રાજકુમારો રમતા હતા. દ્રોણે અસ્ત્રવિદ્યાના પ્રભાવથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો. કુમારે આ વાત ભીષ્મપિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી, એટલે તે બંનેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે સ્થાપ્યા. આ જમાનામાં ગુરુની સેવા એ વિદ્યાર્થી જીવનનું એક આવશ્યક અંગ મનાતું. વિદ્યાર્થીઓ ગુરુકુળમાં રહે તે દરમિયાન આખાયે ગુરુકુળનાં નાનાંમોટાં તમામ કામો પોતે જ ઉપાડી લેતા; અને એ રીતે જીવનમાં સ્વાશ્રયની અણમૂલી તાલીમ પામતા.

**પ્રશ્નો :**

1. આ વાત રામાયણની છે કે મહાભારતની?
2. હસ્તિનાપુરના રાજા કોણ હતા?
3. દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે શા માટે સ્થાપવામાં આવ્યા?
4. ગુરુકુળમાં વિદ્યાર્થીઓની કાર્યપદ્ધતિ કેવી હતી?
5. ગુરુકુળના વિદ્યાર્થીઓ સ્વાશ્રયની તાલીમ કેવી રીતે પામતા?

**પ્રશ્ન-5 યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (10)

1. શબ્દકોશનો સાચો ક્રમ શોધો.

    (અ) નૃત્ય, જ્ઞાનકુંજ, ખીણ, ચોતરફ

    (બ) ખીણ, નૃત્ય, ચોતરફ, જ્ઞાનકુંજ

    (ક) ખીણ, ચોતરફ, જ્ઞાનકુંજ, નૃત્ય

2. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.

    (અ) મિથ્યાભિમાન (બ) મીથ્યાભિમાન

    (ક) મિથ્યાભીમાન

3. 'સામેથી સિંહ અને સિંહણનું બેલડું ચાલ્યું આવે છે.' - અહીં 'બેલડું' એટલે ...

    (અ) બિલાડી (બ) જોડું

    (ક) બચ્ચું

4. 'ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું.' - આ વાક્યમાંથી 'અજાણ્યું' શબ્દનો વિરોધી શબ્દ શોધો.

    (અ) શેઠ (બ) સુધી

    (ક) જાણીતું

5. નીચેનામાંથી 'જાનની બાજી લગાવવી' અર્થ મળે તેવું વાક્ય શોધો.

    (અ) બે બિલાડીઓ વચ્ચે જીવનમરણની લડાઇ થઇ.

(બ) મેં હરિફાઇમાં બાજી મારી લીધી.

(ક) હું મારા બીજા કાકાની જાનમાં ગયો હતો.

6. 'જીવરામ ભટ્ટ' પાઠનું સાહિત્ય સ્વરૂપ કયું છે?

(અ) બોધ કથા (બ) હાસ્યકથા
(ક) નાટક

7. 'અત્યારે અમે રાતે પુસ્તક લખીએ છીએ તે કેમ લખાતું હશે?'
- આ વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ કયું છે?

(અ) લખીએ (બ) કેમ
(ક) અમે

8. 'નચિકેતા આ પુસ્તક ખરીદવા ઇચ્છે છે.' - આ પંક્તિમાં દર્શક સર્વનામ કયું છે?

(અ) નચિકેતા (બ) આ
(ક) ઇચ્છે

9. 'દીકરા, તું કેમ કંઇ બોલતો નથી?' - આ વાક્યનો પ્રકાર લખો.

(અ) પ્રશ્ન વાક્ય (બ) ઉદ્ગાર વાક્ય
(ક) નિર્દેશાર્થ વાક્ય

10. 'ઇશાની મોટેથી હસે છે.' - આ વાક્યમાં ક્રિયા વિશેષણ કયું છે?

(અ) ઇશાની (બ) મોટેથી
(ક) હસે છે.

**પ્રશ્ન-6 (અ) શબ્દો પરથી અર્થપૂર્ણ વાક્ય બનાવો.** (10)

1. ઘર - કારભાર
2. આંધળો - અક્ષર
3. જાનવર - દિલ
4. હિંમત - પ્રયાસ
5. ખંત - શિક્ષક

**પ્રશ્ન-6 (બ) તમને ગમતા કોઇપણ એક કાવ્ય કે લોકગીતની પાંચ પંક્તિ લખો.** (5)

**પ્રશ્ન-6 (ક) નીચેનામાંથી કોઇ એક વિષય પર 12 થી 15 વાક્યોમાં નિબંધ લખો.** (10)

1. ક્રિકેટનાં દડાની આત્મકથા
2. મારા સ્વપ્નની શાળા
3. ગણતંત્ર દિવસ

**પ્રશ્ન-6 (ડ) તમારી શાળામાં યોજાયેલ 'વાર્ષિકોત્સવ'ની અખબારી નોંધ તૈયાર કરો.** (5)

**અથવા**

**(ડ) મુદ્દા પરથી વાર્તા લખો.**

એક જંગલ - જંગલમાં સિંહની બોડ - બોડ પાસે ઉંદરનો દર - એક વખત ઊંઘતા સિંહના શરીર પર ઉંદરનું દોડવું - સિંહના પંજામાં ઉંદરનું પકડાઇ જવું - ઉંદરની વિનંતી - સિંહે ઉંદરને છોડી મૂકવો - થોડા દિવસો પછી સિંહનું શિકારીની જાળમાં ફસાઇ જવું - ઉંદરનું જાળને કાપી નાખવું - સિંહનું જાળમાંથી છૂટી જવું - બોધ.

ધોરણઃ 8

**પ્રશ્ન-1 (અ) સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (5)

1. 'નવા વર્ષના સંકલ્પો' કયા તહેવારના સંદર્ભમાં પાઠ છે?
   (અ) દિવાળી (બ) હોળી
   (ક) ગાંધીજયંતિ
2. 'પછી મા મને વઢતી'તી કે મેં તમે પજવ્યો ન હોત, તો બાપુને કંઇ ખબર પડત નહિ.' - આ વાક્યમાં કયા વિરામચિહ્નનો ઉપયોગ કરવામાં આવ્યો નથી?
   (અ) લોપચિહ્ન (બ) પ્રશ્નાર્થ ચિહ્ન
   (ક) પૂર્ણવિરામ
3. પત્નીના મૃત્યુનો તાર વાંચી વલ્લભભાઇએ ખીસામાં મૂકી કોર્ટની કાર્યવાહી પૂરી કરી હતી. આ પ્રસંગ વલ્લભભાઇનો કયો ગુણ દર્શાવે છે?
   (અ) બહાદૂરી (બ) ફરજ પ્રત્યે અડગતા
   (ક) ગુસ્સો
4. નીચેનામાંથી કયું ડાબેથી જમણેથી વાંચીએ તો એકસરખું લાગતું નથી?
   (અ) જા રે બાવા બારે જા! (બ) નવજીવન
   (ક) લીમડી ગામે ગાડી મળી.
5. 'પહાડ પર લોગ રહેતે તો હૈ લેકિન સોતે કૈસે હૈં? પહાડ પર ચારપાઇ કૈસે લગાતે હૈં?' આ કિસ્સામાં લાલો શા માટે મૂંઝવણમાં છે?
   (અ) પહાડના તંબુ જેવા આકારને લીધે
   (બ) પહાડની ઉંચાઇને લીધે
   (ક) પહાડ પરનાં વૃક્ષોની ગીચતાને લીધે

**પ્રશ્ન-1 (બ) સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (5)

1. 'લાખેણી લાગણીઓ લ્હેરાતી જાય' આ પંક્તિમાં કયો અલંકાર વાપરવામાં આવ્યો છે?
   (અ) વર્ણાનુપ્રાસ (બ) ઉપમા
   (ક) અંત્યાનુપ્રાસ
2. 'તમે પાવન કીધું આ ગામ રે, હવે પવિત્ર કરો મમ ધામ રે' - આ પંક્તિમાંથી પ્રાસયુક્ત શબ્દો જણાવો.
   (અ) કીધું - કરો (બ) પાવન - પવિત્ર
   (ક) ગામ - ધામ
3. 'શરૂઆત કરીએ' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.
   (અ) સોનેટ (બ) ગઝલ
   (ક) હાઇકુ
4. 'વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં' અહીં ધંધાર્થે એટલે શું?
   (અ) કામ કરવા માટે (બ) કામધંધા સાથે
   (ક) કામધંધાથી

5. 'વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય' અહીં શેનું મહત્ત્વ દર્શાવેલ છે?
(અ) મુશ્કેલી (બ) મહેનત
(ક) ખોરાક

**પ્રશ્ન-2 (અ) જવાબ લખો. (કોઇપણ ત્રણ)** (6)

1. તમારા પરિવારમાં ક્યારેય ઝઘડો થાય ત્યારે તમે શું કરશો?
2. તમે કરેલા કોઇ તોફાન માટે તમારા પપ્પા તમારી ઉપર તમારા મિત્રની હાજરીમાં ખીજાય છે, તો તમે શું કરશો?
3. તમે અત્યાર સુધીમાં ક્યા ક્યા સંકલ્પો લીધા છે?
4. સરદર વલ્લભભાઇનો ક્યો પ્રસંગ તમને ખૂબ ગમ્યો છે?

**પ્રશ્ન-2 (બ) કોઇપણ બે પશ્નના જવાબ લખો.** (4)

1. તમે પહેરેલાં નવા કપડાં પર તમારા મિત્રથી ભૂલથી ડાઘા પડે છે તો તમે શું કરશો?
2. વહેલી સવારે મામાને ઘરે જવા નીકળોને રસ્તે તમારા વાહનમાં પંકચર પડે તો શું કરશો?
3. મુશ્કેલીઓનો સામનો કરી સફળતા મેળવનાર એક વ્યક્તિ વિશે ચાર વાક્યો લખો.

**પ્રશ્ન-3 (અ) જવાબ લખો.** (6)

1. તમે તમારા જન્મદિવસે શું શું કરો છો?
2. 'સાંઢ નાથ્યો' માં ચંદાની જગ્યાએ તમે હોત તો શું કર્યું હોત?

**પ્રશ્ન-3 (બ) આપેલી વિગત માટે વિકલ્પોમાંથી પાઠનું શીર્ષક શોધો.** (4)

'સંસ્કારની શ્રીમંતાઇ, વળાવી બા આવી, સાંઢ નાથ્યો, બહેનનો પત્ર, શરૂઆત કરીએ, કમાડે ચીતર્યા મેં'

1. એક છોકરીએ હિંમતભેર ખૂંખાર આખલાને વશ કર્યો.
2. રજાઓ પૂરી થવાથી કુટુંબીજનોએ ઘરમાંથી વિદાય લીધી.
3. મારા ઘરના સરનામે સુખ પધારે એવી પ્રતીક્ષા છે.
4. આ વખતે દુઃખોથી ડરવાને બદલે તેને હરાવી દેવાં છે.

**પ્રશ્ન-4 (અ) રજાચિઠ્ઠી વાંચી પૂછેલ પ્રશ્નોના જવાબ આપો.** (5)

સોહિલ બી. જાખણીયા
ધોરણ-8
રોલ નં. 17
તા. 30-01-2019

પ્રતિ,
વર્ગશિક્ષકશ્રી,
ધોરણ-8

**વિષયઃ શાળામાં હાજર ન રહી શકવા બાબત.**

નમસ્કાર સર.

મારે મારા મામાના ઘરે લગ્ન પ્રસંગે જવાનું હોવાથી હું તા. 31-01-’19 થી 02-02-’19 સુધી શાળામાં આવી શકીશ નહીં. તેના બીજા જ દિવસથી હું શાળામાં પહોંચી જઇશ.

હું પરત આવ્યા પછી મારા અભ્યાસનું કાર્ય પૂર્ણ કરી લઇશ.

લી.
આપનો વિદ્યાર્થી
સોહિલ બી. જાખણિયા

**પ્રશ્નોઃ**

1. આ વિગત શા માટે છે?

(અ) અભ્યાસની મંજૂરી માટે (બ) મામાને પત્ર
(ક) રજા મેળવવા માટે પત્ર

2. તે કેટલા દિવસ શાળામાં હાજર નહીં રહી શકે?

(અ) ત્રણ (બ) બે
(ક) ત્રીસ

3. આ પત્ર કોણે લખ્યો છે?

(અ) શિક્ષકે (બ) આચાર્યએ
(ક) સોહિલે

4. આ પત્ર કોને લખાયો છે?

(અ) સોહિલને (બ) વર્ગશિક્ષકને
(ક) મામાને

5. સોહિલ કઇ તારીખે શાળામાં આવશે?

(અ) 3-2-’19 (બ) 30-1-’19
(ક) 2-1-’19

**પ્રશ્ન-4 (બ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

વરઘોડો ચડ્યો ત્યારે બહુ ઓછા જાનૈયાઓ જાગતા હતા - વર, અણવર, વરના બાપ, ઇચ્છાકાકા અને લૂણ ઉતારનાર એક-બે છોકરીઓ. સારું થયું કે માંડવિયાં સ્ત્રી પુરુષો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતાં.

રાતના અઢી વાગ્યા હતા. ટાઢ કહે કે મારુ જ કામ. વરરાજાએ તો લાંબા ડગલાની નીચે એક ગરમ બંડી ચડાવી લીધી હતી, એટલે બીક જેવું નહોતું; પણ કન્યાને હજી હમણાં જ નવડાવી હતી. તે આ ઠારને લીધે થરથર ધ્રૂજતી હતી. તેના વાંસાની ધ્રૂજારીને લીધે તે પર અઢેલીને પડેલ તેની બહેનનો હાથ જ્યારે થરથર્યો, ત્યારે એણે શાલ લાવીને કન્યાને લપેટી લીધી.

પ્રશ્નોઃ

1. આ ફકરામાં કયા પ્રસંગની વાત છે?

2. વરઘોડો ચડ્યો ત્યારે કોણકોણ જાગતું હતું?

3. ઠંડી ન લાગે એ માટે વરરાજાએ શું કર્યું?

4. કન્યા શા માટે ધ્રૂજતી હતી?

**પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ લખો.** (10)

1. 'જરઠ'નો સમાનાર્થી શબ્દ લખો.
   (અ) જઠર (બ) ઘરડા (ક) જેઠ
2. 'ધર્મ' શબ્દનો વિરોધી શબ્દ કયો?
   (અ) અધર્મ (બ) ધરમ (ક) ધર્મેન્દ્ર
3. 'સોનાના પારણામાં ઝૂલવું' રૂઢિપ્રયોગનો અર્થ કયો?
   (અ) સોનાનું પારણું હોવું
   (બ) સોનાબેનના પારણામાં ઝૂલવું
   (ક) વૈભવ-શ્રીમંતાઇમાં ઉછરવું
4. શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
   વૃક્ષ, વ્યસ્ત, વાતાવરણ, વાવણી, વસંત
5. ક્રિયાપદનો પ્રકાર ઓળખોઃ - મને તમારી દયા આવે છે.
   (અ) અકર્મક ક્રિયાપદ (બ) સકર્મક ક્રિયાપદ
   (ક) આ વાક્યમાં ક્રિયાપદ નથી
6. 'સમાચાર'ની સાચી સંધિ કઇ?
   (અ) સમાન + ચાર (બ) સમા + ચાર
   (ક) સમ્ + આચાર
7. 'ભાઇ-ભાભી' નો સમાસ ઓળખાવો.
8. 'ઘરે સામાન્ય માણસોની અવરજવર વધી હતી.' - વાક્યમાં દ્વિરુક્ત શબ્દ કયો?
   (અ) અવરજવર (બ) માણસોની
   (ક) સામાન્ય
9. 'ચાલો, ખડખડાટ હસો જોઇએ.' - રવાનુકારી શબ્દ ઓળખાવો.
   (અ) ચાલો (બ) હસો
   (ક) ખડખડાટ
10. નીચેનામાંથી કયું વાક્ય સાદું વાક્ય નથી તે જણાવો.
   (અ) આવ, ભાઇ આવ. (બ) જયેશ ભણવામાં હોંશિયાર વિદ્યાર્થી છે.
   (ક) જો વહેલું પેપર લખાઇ જાય તો એક વખત પેપર જોઇ લઇએ.

**પ્રશ્ન-6 (અ) કોઇપણ એક નિબંધ લખો.** (10)

1. મારા પ્રિય નેતા
2. તમારા જીવનનો કોઇ યાદગાર પ્રસંગ
3. મોબાઇલનો પ્રભાવ

**પ્રશ્ન-6 (બ) તમારી શાળામાં ઉજવાયેલ વાર્ષિકોત્સવનો અહેવાલ લખો.** (5)